# દ્વિતિય લેખિત કસોટી : એપ્રિલ-૨૦૧૭

તારીખ : ૧૭/૦૪/૨૦૧૭ ધોરણ-૭ સમય : ૮:૦૦ થી ૧૧:૦૦

વાર : સોમવાર વિષય : ગુજરાતી કુલ ગુણ : ૮૦

વિદ્યાર્થીનું નામ : ____________________ બેઠક નંબર : ________

સૂચનાઓ : (1) પ્રશ્નોના જવાબ અલગ ઉત્તરવહીમાં લખવાના રહેશે.

**પ્રશ્ન-1 (અ) નીચે આપેલાં પ્રશ્નોના યોગ્ય વિકલ્પ પસંદ કરી જવાબ લખો.** (6)

(1) 'અખબાર' શબ્દ મૂળ કઈ ભાષાનો છે ?

(ક) ગુજરાતી (ખ) અરબી (ગ) હિન્દી (ઘ) સંસ્કૃત

(2) ભારતમાં થર્મોપોલી તરીકે કયું સ્થળ જાણીતું છે ?

(ક) કતારગામ (ખ) બારડોલી

(ગ) હરિપુરા (ઘ) વરાછા

(3) આવ, ભાણા આવ ! પાઠમાં 'પરમાણું' એટલે .....

(ક) બૂટ (ખ) માપ (ગ) પરિણામ (ઘ) બૂટની દોરી

(4) શેરડીનો રસ પીતાં-પીતાં રાજા શું વિચારે છે ?

(ક) રસ કેટલો મીઠો છે

(ખ) બીજો રસ માંગી પીવાનું વીચારે છે

(ગ) શેરડીના પાક વિશે વિચારે છે

(ઘ) વૃદ્ધ સ્ત્રી વિશે વિચારે છે

(5) 'સોના જેવી સવાર' કાવ્યમાં 'પનઘટ' નો અર્થ .....

(ક) પાણીનું બેડું (ખ) પાણીયારું (ગ) કૂવો (ઘ) પનિહારી

(6) ધનપાલ શેઠ ગણતરીવાળા હતાનો અર્થ ..........

(ક) પૈસાદાર હોવાથી હિસાબમાં પાક્કા હતા.

(ખ) બહુ જ લોભી હતા

(ગ) કંજૂસ હતા

(ઘ) ધનની બાબતમાં કુનેહવાળા હતા.

Scanned by CamScanner

**(બ) નીચે આપેલ વિભાગ 'અ' ને વિભાગ 'બ' સાથે યોગ્ય રીતે જોડો.** (5)

| 'અ' | 'બ' |
|---|---|
| (1) જનની | (1) કવિ દલપતરામ |
| (2) હાઈસ્કૂલમાં | (2) ચંદ્રકાન્ત શેઠ |
| (3) ગ્રામમાતા | (3) કવિ બોટાદકર |
| (4) સોના જેવી સવાર | (4) ગાંધીજી |
| (5) જીવરામભટ્ટ | (5) કલાપી |

**(ક) નીચે આપેલ કાવ્યપંક્તિ પૂર્ણ કરો. (ગમે તે એક)** (4)

(1) ધરણી માતાયે હશે ............................

..................................................

..................................................

.................... સરખો એ પ્રેમનો પ્રવાહ રે

(2) ભરી ભરીને સવાર પીધી, ....................

..................................................

..................................................

.................... સોના જેવી સવાર છેજી.

**પ્રશ્ન-2 (અ) નીચેના પ્રશ્નોના બે-ત્રણ વાક્યમાં જવાબ લખો. (ગમે તે ત્રણ)** (6)

(1) ભૂમિતિનો વિષય ગાંધીજીને સહેલો કેમ થઇ પડયો ?

(2) દરબાર માત્રાવાળાએ સિંહની સેવા-ચાકરી શી રીતે કરી ?

(3) જીવરામભટ્ટ શાની હોડ કરવાનું કહે છે ?

(4) શેઠે ઘરના કોઠારનો કારભાર કોને સોંપ્યો ? શા માટે ?

**(બ) સવિસ્તાર જવાબ લખો. (ગમે તે બે)** (8)

(1) કયા પ્રસંગને લઇ લેખક શૈશવનાં સંસ્મરણોમાં સરી પડ્યા ?

(2) 'ગ્રામમાતા' કાવ્યમાં આલેખાયેલું હેમંતઋતુનું વર્ણન લખો.

(3) તમારા જીવનમાં બનેલા પ્રાણી પ્રેમના પ્રસંગ વિશે લખો.

**(ક) નીચે આપેલા વિધાનોના કારણો આપો. (ગમે તે ત્રણ)** (6)

(1) સિંહ નદીના કાંઠે બે-ત્રણ દિવસ સુધી બેસી રહ્યો.

(2) સોમનાથે આપેલો કાગળ જીવરામભટ્ટ વાંચવાની ના પાડે છે.

(3) ધનપાલ શેઠે દીકરાઓની વહુઓની પરીક્ષા લીધી.

(4) બીજા છોકરાઓની વહુ દાણા ફોલી કણ ખાઇ ગઇ.

Scanned by CamScanner

**પ્રશ્ન-3 સૂચના પ્રમાણે કરો.**

**(1) નીચે આપેલા રૂઢિપ્રયોગોના અર્થ આપી તેનો વાક્યમાં પ્રયોગ કરો. (ગમે તે એક) (2)**

(1) ગેડ બેસવી (2) પાકે પાયે કરી

**(2) નીચે આપેલા શબ્દોના વિરુદ્ધાર્થી શબ્દ લખો. (ગમે તે બે) (2)**

(1) નિરાશા × ________ (2) અંધકાર × ________

(3) કોમળ × ________

**(3) નીચે આપેલ વાક્યોના પ્રકાર લખો.(ગમે તે બે) (2)**

(1) 'હું ખોટો નથી' એ કેમ સિદ્ધ કરું ?

(2) તું નારાજ થા મા, ભાણા !

(3) તમારી તો આશિષ માત્ર માગું.

**(4) નીચે આપેલા શબ્દસમૂહ માટે એક શબ્દ લખો. (ગમે તે બે) (2)**

(1) શેરડીના સાંઠાનો નાનો ટુકડો.

(2) શ્રદ્ધાપૂર્વક આપેલી અંજલિ.

(3) ઊંડા પાણીવાળી જગ્યા.

**(5) નીચે આપેલા વાક્યોમાંથી સર્વનામ ઓળખી બતાવો. (ગમે તે બે) (2)**

(1) જનક આ દિશામાં ગયો.

(2) પેલા ઝાડ નીચે ઊભેલા માણસને બોલાવો.

(3) તે પંખીની ઉપર પથરો ફેંકતાં ફેંકી દીધો.

**(6) નીચે આપેલા વાક્યમાંથી વિશેષણ ઓળખી બતાવો. (1)**

(1) નિશા બહાદુર છોકરી છે.

**(7) નીચે આપેલા શબ્દોના સમાનાર્થી શબ્દો લખો. (ગમે તે બે) (2)**

(1) મધુર = ________ (2) કૃષિક = ________ (3) જનની = ________

**(8) નીચે આપેલ શબ્દોની જોડણી સુધારીને લખો. (ગમે તે બે) (2)**

(1) પરિક્ષા ________ (2) મામુલિ ________

(3) મોરપિછ ________

**પ્રશ્ન-4** (અ) તમારી શાળામાં ઉજવાયેલા રમતોત્સવનું વર્ણન કરતો પત્ર તમારા મિત્રને લખો. (5)

(બ) **નીચે આપેલા વિષયો પૈકી કોઈપણ એક વિષય પર નિબંધ લખો. (10)**

(1) મા તે મા

(2) મારો પ્રિય તહેવાર

(3) આપણું ગુજરાત

Scanned by CamScanner

**પ્રશ્ન-5 (અ) નીચે આપેલ ફકરો વાંચીને પ્રશ્નોના જવાબ લખો.** (5)

સામાન્ય રીતે એવું મનાય છે કે મનુષ્ય યુગની સાથે બદલાય છે, પણ કેટલાક લોકો પોતાના યુગને બદલી શકે છે. મહાત્મા ગાંધી એવા લોકોમાંના એક હતા. એમણે દુનિયાને એ બતાવી આપ્યું કે શસ્ત્ર અને દારૂગોળાની શક્તિ મર્યાદિત છે અને સત્ય અને અહિંસા એના કરતાં ઘણાં વધારે શક્તિશાળી છે. મહાત્માગાંધી ફક્ત રાજકીય નેતા નહોતા. પણ ધાર્મિક નેતા પણ હતા. જોકે એમનો ધાર્મિક માર્ગ કંઈક જુદો હતો. ગાંધીજીને બધા ધર્મો માટે એકસરખો આદર હતો. એમને મન હિન્દુ, મુસલમાન, શીખ અને ખ્રિસ્તી સૌ સરખા હતા. જીવનભર તેઓએ સિદ્ધાંત પ્રમાણે ચાલ્યા. વિધિની એ કેવી વિચિત્રતા કે જીવનભર હિંસાની સામે ઝુંબેશ ચલાવનાર આ મહાન પુરૂષના જીવનનો અંત હિંસાથી જ આવ્યો.

**પ્રશ્નો :-**

(1) સામાન્ય રીતે યુગની સાથે કોણ બદલાય છે ?

(2) શસ્ત્ર અને દારૂગોળાની શક્તિ કેવી છે ?

(3) મહાત્માગાંધી ફક્ત કેવા નેતા નહોતા ?

(4) ગાંધીજી જીવનભર કયા સિદ્ધાંત પ્રમાણે ચાલ્યા ?

(5) આ મહાન પુરૂષના જીવનનો અંત કેવી રીતે આવ્યો ?

**(બ) નીચેના વિચાર વિસ્તાર સમજાવો. (ગમે તે એક)** (4)

(1) એકલ દેતા દાનજે, એકલ ઝૂઝત જંગ,
એકલ જગ નિંદા સહે, એ વીરોને સંગ.

(1) આપ બળે એકલ ખૂણે, ધૂપ બધે પ્રસરંત,
જગમાં એવા જનમિયા અગરબત્તીને સંત.

**(ક) નીચેના પ્રશ્નોના ત્રણ-ચાર વાક્યોમાં જવાબ લખો. (ગમે તે ત્રણ)** (6)

(1) કવિ નમેલી ડાળીઓ દ્વારા શું સૂચવે છે ?

(2) ધનપાલ શેઠે સૌથી નાની વહુને ઠરેલ અને ચતુર કેમ ગણી ?

(3) જુદી-જુદી ભાષાઓ વિશે ગાંધીજીના વિચારો જણાવો.

(4) 'જનની' કાવ્યમાં આપેલા માના ગુણોનું વર્ણન ટૂંકમાં કરો.

---

Scanned by CamScanner